પ્રકરણ 3

# શ્રેણિક

## 3.1 વિહંગાવલોકન

**3.1.1** સંખ્યાઓની (અથવા વિધેયોની) લંબચોરસ ગોઠવણીને શ્રેણિક કહે છે. ઉદાહરણ તરીકે, $x$ સંખ્યા હોય કે વિધેય દર્શાવે, તો

$$A = \begin{bmatrix} x & 4 & 3 \\ 4 & 3 & x \\ 3 & x & 4 \end{bmatrix}$$

સંખ્યાઓને (અથવા વિધેયોને) શ્રેણિકના ઘટકો કહે છે.

સમક્ષિતિજ રેખામાં આવતા ઘટકો શ્રેણિકની હાર બનાવે છે અને શિરોલંબ રેખામાં આવતા ઘટકો શ્રેણિકનો સ્તંભ બનાવે છે.

### 3.1.2 શ્રેણિકની કક્ષા

$m$ હાર અને $n$ સ્તંભવાળા શ્રેણિકની કક્ષા $m \times n$ છે. આ શ્રેણિકને $m \times n$ શ્રેણિક કહે છે ($m$ બાય $n$ શ્રેણિક એમ વાંચીશું).

ઉપરના ઉદાહરણના શ્રેણિક A ની કક્ષા $3 \times 3$ છે અર્થાત્, A એ $3 \times 3$ શ્રેણિક છે.

વ્યાપક સ્વરૂપે, $m \times n$ શ્રેણિકની લંબચોરસ સ્વરૂપે ગોઠવણી નીચે પ્રમાણે છે :

$$A = [a_{ij}]_{m \times n} = \begin{bmatrix} a_{11} & a_{12} & a_{13} \cdots & a_{1n} \\ a_{21} & a_{22} & a_{23} \cdots & a_{2n} \\ \vdots & \vdots & \vdots & \vdots \\ a_{m1} & a_{m2} & a_{m3} \cdots & a_{mn} \end{bmatrix}_{m \times n} \quad 1 \le i \le m,\ 1 \le j \le n \quad i, j \in \mathbf{N}.$$

ઘટક $a_{ij}$ એ $i$ મી હાર અને $j$ મા સ્તંભનો ઘટક છે અને આ ઘટકને શ્રેણિક A નો $(i, j)$ મો ઘટક કહે છે. $m \times n$ શ્રેણિકની સભ્યસંખ્યા $mn$ છે.

### 3.1.3 શ્રેણિકના પ્રકાર

(i) જો શ્રેણિકને માત્ર એક હાર હોય, તો તે શ્રેણિકને **હાર શ્રેણિક** કહે છે. તેને $1 \times n$ શ્રેણિક કહેવાય.

(ii) જો શ્રેણિકને માત્ર એક સ્તંભ હોય, તો તે શ્રેણિકને **સ્તંભ શ્રેણિક** કહે છે. તેને $m \times 1$ શ્રેણિક કહેવાય.

(iii) જો શ્રેણિકની હારની સંખ્યા અને સ્તંભની સંખ્યા સમાન હોય, તો તે શ્રેણિકને **ચોરસ શ્રેણિક** કહે છે. આમ, જો $m \times n$ શ્રેણિક માટે $m = n$ હોય, તો તે શ્રેણિક ચોરસ શ્રેણિક કહેવાય અને તે '$n$' કક્ષાવાળો ચોરસ શ્રેણિક કહેવાય.

(iv) જો ચોરસ શ્રેણિકના વિકર્ણ ઘટકો સિવાયના બધા જ ઘટકો શૂન્ય હોય, તો તે ચોરસ શ્રેણિક $B = [b_{ij}]_{n \times n}$ ને **વિકર્ણ શ્રેણિક** કહે છે એટલે કે, શ્રેણિક $B = [b_{ij}]_{n \times n}$ માં $i \ne j$ માટે $b_{ij} = 0$ હોય, તો શ્રેણિક B વિકર્ણ શ્રેણિક છે.

(v) જો વિકર્ણ શ્રેણિકના બધા વિકર્ણઘટકો સમાન હોય, તો તે શ્રેણિકને **અદિશ શ્રેણિક** કહે છે એટલે કે, જો ચોરસ શ્રેણિક B = $[b_{ij}]_{n \times n}$ માં $i \neq j$ માટે $b_{ij} = 0$ અને $i = j$ માટે $b_{ij} = k$, જ્યાં $k$ અચળ હોય, તો B અદિશ શ્રેણિક છે.

(vi) જો ચોરસ શ્રેણિકના બધા વિકર્ણ ઘટકો 1 હોય અને તે સિવાયના ઘટકો શૂન્ય હોય, તો તે શ્રેણિકને **એકમ શ્રેણિક** કહે છે.

બીજા શબ્દોમાં કહીએ, તો જો ચોરસ શ્રેણિક A = $[a_{ij}]_{n \times n}$ માં $i = j$ માટે $a_{ij} = 1$ અને $i \neq j$ માટે $a_{ij} = 0$, તો A એકમ શ્રેણિક છે.

(vii) જો શ્રેણિકના બધા જ ઘટકો શૂન્ય હોય, તો તે શ્રેણિકને **શૂન્ય શ્રેણિક** કહે છે. આપણે શૂન્ય શ્રેણિકને O વડે દર્શાવીશું.

(viii) જો શ્રેણિકો A = $[a_{ij}]$ અને B = $[b_{ij}]$ માટે

(a) તેમની કક્ષા સમાન હોય અને

(b) A નો પ્રત્યેક ઘટક B ના અનુરૂપ ઘટકને સમાન એટલે કે, પ્રત્યેક $i$ અને $j$ માટે $a_{ij} = b_{ij}$ હોય, તો A અને B સમાન શ્રેણિકો કહેવાય.

### 3.1.4 શ્રેણિકોનો સરવાળો

જો બે શ્રેણિકોની કક્ષા સમાન હોય, તો તે બે શ્રેણિકોનો સરવાળો શક્ય છે.

જો સમાન કક્ષા $m \times n$ વાળા બે શ્રેણિક A = $[a_{ij}]$ અને B = $[b_{ij}]$ આપેલ હોય, તો A અને B ના સરવાળાનો શ્રેણિક પ્રત્યેક શક્ય કિંમતો $i$ અને $j$ માટે $c_{ij} = a_{ij} + b_{ij}$ દ્વારા શ્રેણિક C = $[c_{ij}]_{m \times n}$ તરીકે વ્યાખ્યાયિત થાય.

### 3.1.5 શ્રેણિકનો અદિશ વડે ગુણાકાર

જો A = $[a_{ij}]_{m \times n}$ શ્રેણિક હોય અને $k$ કોઈ પણ વાસ્તવિક સંખ્યા હોય, તો A ના પ્રત્યેક ઘટકને $k$ વડે ગુણતાં બીજો શ્રેણિક $k$A મળે છે અર્થાત્ $k$A = $[ka_{ij}]_{m \times n}$ થાય.

### 3.1.6 વિરોધી શ્રેણિક

A ના વિરોધી શ્રેણિકને –A વડે દર્શાવાય છે. આપણે વિરોધી શ્રેણિક –A = (–1)A વડે દર્શાવીશું.

### 3.1.7 શ્રેણિકોના ગુણાકાર

જો શ્રેણિક A ના સ્તંભની સંખ્યા અને શ્રેણિક B ની હારની સંખ્યા સમાન હોય, તો શ્રેણિકો A અને B નો ગુણાકાર શ્રેણિક વ્યાખ્યાયિત થાય.

ધારો કે, A = $[a_{ij}]$ એ $m \times n$ શ્રેણિક અને B = $[b_{jk}]$ એ $n \times p$ શ્રેણિક છે. શ્રેણિકો A અને B ના ગુણાકાર શ્રેણિક C ની કક્ષા $m \times p$ થશે. શ્રેણિક C નો $(i, k)$ મો ઘટક $c_{ik}$ મેળવવા માટે, આપણે A ની $i$ મી હાર અને B નો $k$ મો સ્તંભ લઈ, તેમના અનુરૂપ ઘટકોનો ગુણાકાર કરી આ બધા જ ગુણાકારોનો સરવાળો કરીશું અર્થાત્

$$c_{ik} = a_{i1}\, b_{1k} + a_{i2}\, b_{2k} + a_{i3}\, b_{3k} + \ldots + a_{in}\, b_{nk}$$

શ્રેણિકો A અને B નો ગુણાકાર શ્રેણિક C = $[c_{ik}]_{m \times p}$ મળે.

**નોંધ :**

1. AB વ્યાખ્યાયિત હોય, તો BA વ્યાખ્યાયિત થાય તે આવશ્યક નથી.
2. A અને B અનુક્રમે $m \times n$ અને $k \times l$ શ્રેણિકો છે. જો $n = k$ અને $l = m$ હોય, તો અને તો જ AB અને BA બંને વ્યાખ્યાયિત છે.
3. જો AB અને BA બંને વ્યાખ્યાયિત હોય, તો એ આવશ્યક નથી કે AB = BA થાય.
4. જો બે શ્રેણિકોનો ગુણાકાર શૂન્ય શ્રેણિક હોય, તો બેમાંથી કોઈ પણ શ્રેણિક શૂન્ય શ્રેણિક હોય તે આવશ્યક નથી.

5. જો સમાન કક્ષાવાળા ત્રણ શ્રેણિકો A, B અને C માટે, A = B હોય, તો AC = BC થાય, પરંતુ આથી ઊલટું સત્ય નથી.
6. $A \cdot A = A^2$, $A \cdot A \cdot A = A^3$ અને આ રીતે આગળ.

### 3.1.8 પરિવર્ત શ્રેણિક

1. જો શ્રેણિક $A = [a_{ij}]_{m \times n}$ ની બધી જ હારને અનુરૂપ સ્તંભમાં પરિવર્તિત કરવામાં આવે અને તેથી જે શ્રેણિક પ્રાપ્ત થાય તેને શ્રેણિક A નો પરિવર્ત શ્રેણિક કહે છે.
   શ્રેણિક A ના પરિવર્ત શ્રેણિકને $A'$ અથવા $(A^T)$ વડે દર્શાવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જો $A = [a_{ij}]_{m \times n}$, તો $A^T = [a_{ji}]_{n \times m}$ થાય.
2. **પરિવર્ત શ્રેણિકના ગુણધર્મો :**
   યોગ્ય કક્ષાવાળા શ્રેણિકો A અને B માટે,
   (i) $(A^T)^T = A$
   (ii) $(kA)^T = kA^T$ ($k$ કોઈ પણ અચળ છે.)
   (iii) $(A + B)^T = A^T + B^T$
   (iv) $(AB)^T = B^T A^T$

### 3.1.9 સંમિત શ્રેણિક અને વિસંમિત શ્રેણિક

(i) ચોરસ શ્રેણિક $A = [a_{ij}]$ માટે, જો $A^T = A$ તો A સંમિત શ્રેણિક છે, અર્થાત્ $i$ અને $j$ ની બધી જ શક્ય કિંમતો માટે $a_{ij} = a_{ji}$ થાય, તો A સંમિત છે.

(ii) ચોરસ શ્રેણિક $A = [a_{ij}]$ માટે, જો $A^T = -A$, એટલે કે $i$ અને $j$ ની બધી જ શક્ય કિંમતો માટે $a_{ji} = -a_{ij}$ થાય, તો A ને વિસંમિત શ્રેણિક કહેવાય.
**નોંધ :** વિસંમિત શ્રેણિકના વિકર્ણ ઘટકો શૂન્ય હોય છે.

(iii) **પ્રમેય 1 :** જેના ઘટકો વાસ્તવિક સંખ્યાઓ હોય તેવા ચોરસ શ્રેણિક A માટે, $A + A^T$ સંમિત શ્રેણિક છે અને $A - A^T$ વિસંમિત શ્રેણિક છે.

(iv) **પ્રમેય 2:** કોઈ પણ ચોરસ શ્રેણિક A ને એક સંમિત શ્રેણિક અને એક વિસંમિત શ્રેણિકના સરવાળા તરીકે અનન્ય રીતે દર્શાવી શકાય, એટલે કે

$A = \frac{(A+A^T)}{2} + \frac{(A-A^T)}{2}$ અને એ રીતે સંમિત શ્રેણિક B તથા વિસંમિત શ્રેણિક C માટે

$A = B + C$ તો $B = \frac{A+A^T}{2}$, $C = \frac{A-A^T}{2}$

### 3.1.10 વ્યસ્ત સંપન્ન શ્રેણિક

(i) જો A એ $m \times m$ કક્ષાવાળો ચોરસ શ્રેણિક હોય અને જો સમાન કક્ષા $m \times m$ વાળો બીજો ચોરસ શ્રેણિક B અસ્તિત્વ ધરાવે, કે જેથી $AB = BA = I_m$ થાય, તો A એ વ્યસ્તસંપન્ન શ્રેણિક છે અને શ્રેણિક B ને શ્રેણિક A નો વ્યસ્ત શ્રેણિક કહે છે તથા તેને $A^{-1}$ વડે દર્શાવાય છે.

**નોંધ :**

1. લંબચોરસ શ્રેણિક માટે, જો ગુણાકાર શ્રેણિક AB અને BA વ્યાખ્યાયિત થાય અને તેઓ સમાન થાય, તેમ છતાંય તે શ્રેણિકના વ્યસ્ત શ્રેણિકનું અસ્તિત્વ ન હોય તે શક્ય છે. બંને શ્રેણિકો A અને B સમાન કક્ષાના ચોરસ શ્રેણિક હોવા જરૂરી છે.
2. જો શ્રેણિક A નો વ્યસ્ત શ્રેણિક B હોય, તો B નો વ્યસ્ત શ્રેણિક A છે.

(ii) **પ્રમેય 3 : (વ્યસ્ત શ્રેણિકની અનન્યતા)** જો ચોરસ શ્રેણિકના વ્યસ્ત શ્રેણિકનું અસ્તિત્વ હોય, તો તે અનન્ય છે.

(iii) **પ્રમેય 4 :** જો A અને B સમાન કક્ષાવાળા વ્યસ્તસંપન્ન શ્રેણિક હોય, તો $(AB)^{-1} = B^{-1}A^{-1}$.

### 3.1.11 હાર સંક્ષેપન અથવા સ્તંભ સંક્ષેપનના ઉપયોગથી વ્યસ્ત શ્રેણિક

હાર સંક્ષેપનના ઉપયોગથી $A^{-1}$ શોધવા માટે, A = IA લખી અને તેના પર હાર સંક્ષેપનની પ્રાથમિક ક્રિયાઓ કરતાં I = BA ન મળે ત્યાં સુધી હાર સંક્ષેપનની એક શ્રેણીનું પ્રયોજન કરીએ. શ્રેણિક B એ શ્રેણિક A નો વ્યસ્ત શ્રેણિક થશે. તે જ પ્રમાણે, જો સ્તંભ સંક્ષેપનના ઉપયોગથી $A^{-1}$ શોધવું હોય, તો A = AI લખી અને તેના પર I = AB ન મળે ત્યાં સુધી સ્તંભ સંક્ષેપનની એક શ્રેણીનું પ્રયોજન કરીશું.

**નોંધ :** આપણે A = IA (અથવા A = AI) પર એક અથવા વધારે હાર (સ્તંભ) સંક્ષેપનનું પ્રયોજન કરતાં કોઈક વખત, જો ડાબી બાજુના પરિવર્તિત શ્રેણિકની એક અથવા વધારે હારમાં બધા જ શૂન્ય મળે, તો $A^{-1}$ નું અસ્તિત્વ નથી.

### 3.2 ઉદાહરણો

#### ટૂંક જવાબી પ્રશ્નો (S.A.)

**ઉદાહરણ 1 :** જેના ઘટકો $a_{ij} = e^{2ix} \sin jx$ થી મળતા હોય, તેવો શ્રેણિક $A = [a_{ij}]_{2\times 2}$ રચો.

**ઉકેલ :** $i = 1, j = 1,$ માટે $a_{11} = e^{2x} \sin x$

$i = 1, j = 2,$ માટે $a_{12} = e^{2x} \sin 2x$

$i = 2, j = 1,$ માટે $a_{21} = e^{4x} \sin x$

$i = 2, j = 2,$ માટે $a_{22} = e^{4x} \sin 2x$

આમ, $A = \begin{bmatrix} e^{2x}\sin x & e^{2x}\sin 2x \\ e^{4x}\sin x & e^{4x}\sin 2x \end{bmatrix}$

**ઉદાહરણ 2 :** જો $A = \begin{bmatrix} 2 & 3 \\ 1 & 2 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 1 & 3 & 2 \\ 4 & 3 & 1 \end{bmatrix}$, $C = \begin{bmatrix} 1 \\ 2 \end{bmatrix}$, $D = \begin{bmatrix} 4 & 6 & 8 \\ 5 & 7 & 9 \end{bmatrix}$ હોય, તો

A + B, B + C, C + D અને B + D માંથી કયો સરવાળો વ્યાખ્યાયિત છે ?

**ઉકેલ :** સમાન કક્ષા ધરાવતા શ્રેણિકોનો સરવાળો શક્ય હોવાથી, માત્ર B + D જ વ્યાખ્યાયિત છે.

**ઉદાહરણ 3 :** સાબિત કરો કે, જો કોઈ શ્રેણિક સંમિત અને વિસંમિત બંને હોય, તો તે શ્રેણિક શૂન્ય શ્રેણિક છે.

**ઉકેલ :** ધારો કે શ્રેણિક $A = [a_{ij}]$ સંમિત અને વિસંમિત શ્રેણિક બંને છે.

શ્રેણિક A વિસંમિત શ્રેણિક હોવાથી, A′ = –A.

આમ, પ્રત્યેક $i$ અને $j$ માટે $a_{ij} = -a_{ji}$ થાય. (1)

ફરીથી, A સંમિત શ્રેણિક હોવાથી, A′ = A.

આમ, પ્રત્યેક $i$ અને $j$ માટે $a_{ji} = a_{ij}$ (2)

(1) અને (2) પરથી, પ્રત્યેક $i$ અને $j$ માટે $a_{ij} = -a_{ij}$ મળે.

અથવા $2a_{ij} = 0$,

તેથી પ્રત્યેક $i$ અને $j$ માટે, $a_{ij} = 0$. આથી A શૂન્ય શ્રેણિક છે.

**બીજી રીત :**

A′ = –A તથા

A′ = A હોવાથી

A = –A

$\therefore$ 2A = 0

$\therefore$ A = 0

**ઉદાહરણ 4 :** જો $[2x \quad 3]\begin{bmatrix} 1 & 2 \\ -3 & 0 \end{bmatrix}\begin{bmatrix} x \\ 8 \end{bmatrix} = O$ હોય, તો $x$ શોધો.

**ઉકેલ :** $[2x \quad 3]\begin{bmatrix} 1 & 2 \\ -3 & 0 \end{bmatrix}\begin{bmatrix} x \\ 8 \end{bmatrix} = O \Rightarrow [2x-9 \quad 4x]\begin{bmatrix} x \\ 8 \end{bmatrix} = [0]$

$\therefore \ [2x^2 - 9x + 32x] = [0]$. આથી, $2x^2 + 23x = 0$

$\therefore \ x(2x + 23) = 0$

$\therefore \ x = 0$ અથવા $x = \frac{-23}{2}$

**ઉદાહરણ 5 :** જો $3 \times 3$ શ્રેણિક A એ વ્યસ્તસંપન્ન શ્રેણિક હોય અને $k$ કોઈ પણ શૂન્યેતર અચળ હોય, તો સાબિત કરો કે $k$A વ્યસ્તસંપન્ન શ્રેણિક છે અને $(kA)^{-1} = \frac{1}{k}A^{-1}$.

**ઉકેલ :** $(kA)\left(\frac{1}{k}A^{-1}\right) = \left(k \cdot \frac{1}{k}\right)(A \cdot A^{-1}) = 1\ (I) = I$. તે જ રીતે, $\left(\frac{1}{k}A^{-1}\right)(kA) = I$

આથી, $(kA)$ નો વ્યસ્ત શ્રેણિક $\left(\frac{1}{k}A^{-1}\right)$ છે અથવા $(kA)^{-1} = \frac{1}{k}A^{-1}$.

## વિસ્તૃત જવાબી પ્રશ્નો (L.A.)

**ઉદાહરણ 6 :** જો શ્રેણિક $A = \begin{bmatrix} 2 & 4 & -6 \\ 7 & 3 & 5 \\ 1 & -2 & 4 \end{bmatrix}$ હોય, તો A ને એક સંમિત અને એક વિસંમિત શ્રેણિકના સરવાળા સ્વરૂપમાં દર્શાવો.

**ઉકેલ :** જો $A = \begin{bmatrix} 2 & 4 & -6 \\ 7 & 3 & 5 \\ 1 & -2 & 4 \end{bmatrix}$, તો $A' = \begin{bmatrix} 2 & 7 & 1 \\ 4 & 3 & -2 \\ -6 & 5 & 4 \end{bmatrix}$ થાય.

આથી, $$\frac{A+A'}{2} = \frac{1}{2}\begin{bmatrix} 4 & 11 & -5 \\ 11 & 6 & 3 \\ -5 & 3 & 8 \end{bmatrix} = \begin{bmatrix} 2 & \frac{11}{2} & \frac{-5}{2} \\ \frac{11}{2} & 3 & \frac{3}{2} \\ \frac{-5}{2} & \frac{3}{2} & 4 \end{bmatrix}$$

અને $$\frac{A-A'}{2} = \frac{1}{2}\begin{bmatrix} 0 & -3 & -7 \\ 3 & 0 & 7 \\ 7 & -7 & 0 \end{bmatrix} = \begin{bmatrix} 0 & \frac{-3}{2} & \frac{-7}{2} \\ \frac{3}{2} & 0 & \frac{7}{2} \\ \frac{7}{2} & \frac{-7}{2} & 0 \end{bmatrix}$$

માટે, $$\frac{A+A'}{2} + \frac{A-A'}{2} = \begin{bmatrix} 2 & \frac{11}{2} & \frac{-5}{2} \\ \frac{11}{2} & 3 & \frac{3}{2} \\ \frac{-5}{2} & \frac{3}{2} & 4 \end{bmatrix} + \begin{bmatrix} 0 & \frac{-3}{2} & \frac{-7}{2} \\ \frac{3}{2} & 0 & \frac{7}{2} \\ \frac{7}{2} & \frac{-7}{2} & 0 \end{bmatrix} = \begin{bmatrix} 2 & 4 & -6 \\ 7 & 3 & 5 \\ 1 & -2 & 4 \end{bmatrix} = A$$

**ઉદાહરણ 7 :** જો $A = \begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 0 & -1 \\ 1 & 2 & 3 \end{bmatrix}$, તો શ્રેણિક A એ $A^3 - 4A^2 - 3A + 11I = O$ સમીકરણનું સમાધાન કરે તેમ દર્શાવો. (આને Cayley Hamilton પ્રમેયનું પરિણામ કહે છે.)

**ઉકેલ :** $A^2 = A \times A = \begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 0 & -1 \\ 1 & 2 & 3 \end{bmatrix} \times \begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 0 & -1 \\ 1 & 2 & 3 \end{bmatrix}$

$$= \begin{bmatrix} 1+6+2 & 3+0+4 & 2-3+6 \\ 2+0-1 & 6+0-2 & 4+0-3 \\ 1+4+3 & 3+0+6 & 2-2+9 \end{bmatrix}$$

$$= \begin{bmatrix} 9 & 7 & 5 \\ 1 & 4 & 1 \\ 8 & 9 & 9 \end{bmatrix}$$

અને $A^3 = A^2 \times A = \begin{bmatrix} 9 & 7 & 5 \\ 1 & 4 & 1 \\ 8 & 9 & 9 \end{bmatrix} \times \begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 0 & -1 \\ 1 & 2 & 3 \end{bmatrix}$

$$= \begin{bmatrix} 9+14+5 & 27+0+10 & 18-7+15 \\ 1+8+1 & 3+0+2 & 2-4+3 \\ 8+18+9 & 24+0+18 & 16-9+27 \end{bmatrix}$$

$$= \begin{bmatrix} 28 & 37 & 26 \\ 10 & 5 & 1 \\ 35 & 42 & 34 \end{bmatrix}$$

હવે, $A^3 - 4A^2 - 3A + 11(I)$

$$= \begin{bmatrix} 28 & 37 & 26 \\ 10 & 5 & 1 \\ 35 & 42 & 34 \end{bmatrix} - 4\begin{bmatrix} 9 & 7 & 5 \\ 1 & 4 & 1 \\ 8 & 9 & 9 \end{bmatrix} - 3\begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 0 & -1 \\ 1 & 2 & 3 \end{bmatrix} + 11\begin{bmatrix} 1 & 0 & 0 \\ 0 & 1 & 0 \\ 0 & 0 & 1 \end{bmatrix}$$

$$= \begin{bmatrix} 28-36-3+11 & 37-28-9+0 & 26-20-6+0 \\ 10-4-6+0 & 5-16+0+11 & 1-4+3+0 \\ 35-32-3+0 & 42-36-6+0 & 34-36-9+11 \end{bmatrix}$$

$$= \begin{bmatrix} 0 & 0 & 0 \\ 0 & 0 & 0 \\ 0 & 0 & 0 \end{bmatrix} = O$$

**ઉદાહરણ 8 :** જો $A = \begin{bmatrix} 2 & 3 \\ -1 & 2 \end{bmatrix}$ હોય, તો $A^2 - 4A + 7I = O$ સાબિત કરો. આ પરિણામનો ઉપયોગ કરી $A^5$ ની ગણતરી કરો.

**ઉકેલ :** $A^2 = \begin{bmatrix} 2 & 3 \\ -1 & 2 \end{bmatrix}\begin{bmatrix} 2 & 3 \\ -1 & 2 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 12 \\ -4 & 1 \end{bmatrix}$ $\quad -4A = \begin{bmatrix} -8 & -12 \\ 4 & -8 \end{bmatrix}$ અને $7I = \begin{bmatrix} 7 & 0 \\ 0 & 7 \end{bmatrix}$

આથી, $A^2 - 4A + 7I = \begin{bmatrix} 1-8+7 & 12-12+0 \\ -4+4+0 & 1-8+7 \end{bmatrix} = \begin{bmatrix} 0 & 0 \\ 0 & 0 \end{bmatrix} = O$

$\therefore \quad A^2 = 4A - 7I = O$

આમ, $A^3 = A \cdot A^2 = A\,(4A - 7I) = 4\,(4A - 7I) - 7A = 16A - 28I - 7A = 9A - 28I$

અને તેથી, $A^5 = A^3A^2$

$= (9A - 28I)\,(4A - 7I)$

$= 36A^2 - 63A - 112A + 196I$

$= 36\,(4A - 7I) - 175A + 196I$

$= -\,31A - 56I$

$= -31\begin{bmatrix} 2 & 3 \\ -1 & 2 \end{bmatrix} - 56\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$

$= \begin{bmatrix} -118 & -93 \\ 31 & -118 \end{bmatrix}$

## હેતુલક્ષી પ્રશ્નો

**વિધાન સત્ય બને તે રીતે આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી 9 થી 12 ક્રમાંકવાળા પ્રશ્નોના ઉત્તર આપો :**

**ઉદાહરણ 9 :** જો A અને B સમાન કક્ષાવાળા ચોરસ શ્રેણિક હોય, તો $(A + B)\,(A - B) =$ .......... .

(A) $A^2 - B^2$ (B) $A^2 - BA - AB - B^2$

(C) $A^2 - B^2 + BA - AB$ (D) $A^2 - BA + B^2 + AB$

**ઉકેલ :** $(A + B)\,(A - B) = A\,(A - B) + B\,(A - B)$

$= A^2 - AB + BA - B^2$

સાચો જવાબ (C) છે.

**ઉદાહરણ 10 :** જો $A = \begin{bmatrix} 2 & -1 & 3 \\ -4 & 5 & 1 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 2 & 3 \\ 4 & -2 \\ 1 & 5 \end{bmatrix}$ હોય, તો...

(A) માત્ર AB વ્યાખ્યાયિત છે. (B) માત્ર BA વ્યાખ્યાયિત છે.

(C) AB અને BA બંને વ્યાખ્યાયિત છે. (D) AB અને BA બંને પૈકી કોઈ પણ વ્યાખ્યાયિત નથી.

ઉકેલ : શ્રેણિકો $A = [a_{ij}]_{2\times3}$ અને $B = [b_{ij}]_{3\times2}$ છે, આથી, AB અને BA બંને વ્યાખ્યાયિત છે.

સાચો જવાબ (C) છે.

**ઉદાહરણ 11 :** શ્રેણિક $A = \begin{bmatrix} 0 & 0 & 5 \\ 0 & 5 & 0 \\ 5 & 0 & 0 \end{bmatrix}$ હોય, તો A .......... છે.

(A) અદિશ શ્રેણિક (B) વિકર્ણ શ્રેણિક (C) એકમ શ્રેણિક (D) ચોરસ શ્રેણિક

ઉકેલ : સાચો જવાબ (D) છે.

**ઉદાહરણ 12 :** જો A અને B સમાન કક્ષાવાળા સંમિત શ્રેણિકો હોય, તો $(AB' - BA')$ .......... છે.

(A) વિસંમિત શ્રેણિક (B) શૂન્ય શ્રેણિક

(C) સંમિત શ્રેણિક (D) આપેલ પૈકી એક પણ નહિ.

ઉકેલ : $(AB' - BA')' = (AB')' - (BA')'$

$= (BA' - AB')$

$= -(AB' - BA')$

સાચો જવાબ (A) છે.

**નીચેનાં વિધાન ક્રમાંક 13 થી 15 વાળા સત્ય બને તે રીતે ખાલી જગ્યા પૂરો :**

**ઉદાહરણ 13 :** A અને B બંને સમાન કક્ષાવાળા વિસંમિત શ્રેણિકો છે. જો .......... હોય, તો AB સંમિત શ્રેણિક છે.

ઉકેલ : $AB = BA$

$(AB)' = B'A' = (-B)(-A) = BA$

$\therefore$ AB સંમિત હોવા માટે $(AB)' = AB \Leftrightarrow AB = BA$

**ઉદાહરણ 14 :** જો A અને B સમાન કક્ષાવાળા શ્રેણિકો હોય, તો $(3A - 2B)' =$ .......... .

ઉકેલ : $3A' - 2B'$

**ઉદાહરણ 15 :** જો શ્રેણિકોની કક્ષા .......... હોય, તો શ્રેણિકોનો સરવાળો વ્યાખ્યાયિત છે.

ઉકેલ : સમાન

**નીચેના ક્રમાંક 16 થી 19 વાળાં વિધાનો સત્ય છે કે અસત્ય તે જણાવો. તમારા જવાબનું સમર્થન કરો.**

**ઉદાહરણ 16 :** જો A અને B સમાન કક્ષાવાળા શ્રેણિકો હોય, તો $2A + B = B + 2A$.

ઉકેલ : સત્ય

**ઉદાહરણ 17 :** શ્રેણિકોની બાદબાકી જૂથના નિયમનું પાલન કરે છે.

ઉકેલ : અસત્ય

**ઉદાહરણ 18 :** સામાન્ય શ્રેણિક A માટે, $(A')^{-1} = (A^{-1})'$.

ઉકેલ : સત્ય. $AA^{-1} = I$. આથી, $(A^{-1})'A' = I$. આથી $(A')^{-1} = (A^{-1})'$

**ઉદાહરણ 19 :** સમાન કક્ષાવાળા કોઈ પણ ત્રણ શ્રેણિકો માટે, $AB = AC \Rightarrow B = C$.

ઉકેલ : અસત્ય

## સ્વાધ્યાય 3.3

## ટૂંક જવાબી પ્રશ્નો (S.A.)

**1.** જો શ્રેણિકને 28 ઘટકો હોય, તો શ્રેણિક માટે કેટલી કક્ષાઓ શક્ય છે ? જો 13 ઘટકો હોય, તો કેટલી કક્ષા થાય ?

**2.** જો શ્રેણિક $A = \begin{bmatrix} a & 1 & x \\ 2 & \sqrt{3} & x^2 - y \\ 0 & 5 & \frac{-2}{5} \end{bmatrix}$ હોય, તો

(i) શ્રેણિક A ની કક્ષા જણાવો.

(ii) શ્રેણિક A ના ઘટકોની સંખ્યા જણાવો.

(iii) ઘટકો $a_{23}$, $a_{31}$, $a_{12}$ લખો.

**3.** એવો શ્રેણિક $A = [a_{ij}]_{2 \times 2}$ રચો, જ્યાં,

(i) $a_{ij} = \frac{(i-2j)^2}{2}$

(ii) $a_{ij} = |-2i + 3j|$ હોય.

**4.** જેના સભ્યો $a_{ij} = e^{i.x} sin\, jx$ થી મળે તેવો $3 \times 2$ શ્રેણિક રચો.

**5.** જો $A = \begin{bmatrix} a+4 & 3b \\ 8 & -6 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 2a+2 & b^2+2 \\ 8 & b^2-5b \end{bmatrix}$ માટે A = B હોય, તો $a$ અને $b$ નાં મૂલ્ય શોધો.

**6.** જો શ્રેણિકો $A = \begin{bmatrix} \sqrt{3} & 1 \\ 2 & 3 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} x & y & z \\ a & b & 6 \end{bmatrix}$નો સરવાળો શક્ય હોય, તો શોધો.

**7.** જો $X = \begin{bmatrix} 3 & 1 & -1 \\ 5 & -2 & -3 \end{bmatrix}$ અને $Y = \begin{bmatrix} 2 & 1 & -1 \\ 7 & 2 & 4 \end{bmatrix}$ હોય, તો

(i) X +Y (ii) 2X – 3Y અને

(iii) X + Y + Z શૂન્ય શ્રેણિક થાય તેવો શ્રેણિક Z શોધો.

**8.** સમીકરણ $x\begin{bmatrix} 2x & 2 \\ 3 & x \end{bmatrix} + 2\begin{bmatrix} 8 & 5x \\ 4 & 4x \end{bmatrix} = 2\begin{bmatrix} (x^2+8) & 24 \\ 10 & 6x \end{bmatrix}$નું સમાધાન કરે તેવો શૂન્યેતર $x$ શોધો.

**9.** જો $A = \begin{bmatrix} 0 & 1 \\ 1 & 1 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 0 & -1 \\ 1 & 0 \end{bmatrix}$ હોય, તો દર્શાવો કે $(A + B)(A - B) \neq A^2 - B^2$.

**10.** જો $[1 \quad x \quad 1]\begin{bmatrix} 1 & 3 & 2 \\ 2 & 5 & 1 \\ 15 & 3 & 2 \end{bmatrix}\begin{bmatrix} 1 \\ 2 \\ x \end{bmatrix} = O$ હોય, તો $x$ નું મૂલ્ય શોધો.

**11.** સાબિત કરો કે $A = \begin{bmatrix} 5 & 3 \\ -1 & -2 \end{bmatrix}$ સમીકરણ $A^2 - 3A - 7I = O$ નું સમાધાન કરે છે અને તે પરથી $A^{-1}$ શોધો.

**12.** સમીકરણ$\begin{bmatrix} 2 & 1 \\ 3 & 2 \end{bmatrix} A \begin{bmatrix} -3 & 2 \\ 5 & -3 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$નું સમાધાન કરે તેવો શ્રેણિક A શોધો.

**13.** જો $\begin{bmatrix} 4 \\ 1 \\ 3 \end{bmatrix} A = \begin{bmatrix} -4 & 8 & 4 \\ -1 & 2 & 1 \\ -3 & 6 & 3 \end{bmatrix}$ હોય, તો A શોધો.

**14.** જો $A = \begin{bmatrix} 3 & -4 \\ 1 & 1 \\ 2 & 0 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 2 & 1 & 2 \\ 1 & 2 & 4 \end{bmatrix}$ હોય, તો $(BA)^2 \neq B^2A^2$ ચકાસો.

**15.** જો $A = \begin{bmatrix} 2 & 1 & 2 \\ 1 & 2 & 4 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 4 & 1 \\ 2 & 3 \\ 1 & 2 \end{bmatrix}$ માટે શક્ય હોય, તો BA અને AB શોધો.

**16.** $A \neq O$, $B \neq O$ પરંતુ, $AB = O$ થાય તેવું એક ઉદાહરણ આપો.

**17.** $A = \begin{bmatrix} 2 & 4 & 0 \\ 3 & 9 & 6 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 1 & 4 \\ 2 & 8 \\ 1 & 3 \end{bmatrix}$ હોય, તો $(AB)' = B'A'$ થશે ?

**18.** $x$ અને $y$ માટે ઉકેલો :

$$x\begin{bmatrix} 2 \\ 1 \end{bmatrix} + y\begin{bmatrix} 3 \\ 5 \end{bmatrix} + \begin{bmatrix} -8 \\ -11 \end{bmatrix} = O.$$

**19.** સમીકરણ $2X + 3Y = \begin{bmatrix} 2 & 3 \\ 4 & 0 \end{bmatrix}$, $3X + 2Y = \begin{bmatrix} -2 & 2 \\ 1 & -5 \end{bmatrix}$ નો ઉકેલ મેળવી $2 \times 2$ શ્રેણિકો X અને Y શોધો.

**20.** જો $A = [3 \quad 5]$, $B = [7 \quad 3]$, હોય, તો $AC = BC$ થાય તેવો શૂન્યેતર શ્રેણિક C શોધો.

**21.** શ્રેણિકો A, B અને C નાં એવાં ઉદાહરણો આપો કે જેથી $AB = AC$ થાય, પરંતુ $B \neq C$ અને A શૂન્યેતર શ્રેણિક હોય.

**22.** જો $A = \begin{bmatrix} 1 & 2 \\ -2 & 1 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 2 & 3 \\ 3 & -4 \end{bmatrix}$ અને $C = \begin{bmatrix} 1 & 0 \\ -1 & 0 \end{bmatrix}$ હોય, તો ચકાસો કે,

(i) $(AB)C = A(BC)$ (ii) $A(B + C) = AB + AC$.

**23.** જો $P = \begin{bmatrix} x & 0 & 0 \\ 0 & y & 0 \\ 0 & 0 & z \end{bmatrix}$ અને $Q = \begin{bmatrix} a & 0 & 0 \\ 0 & b & 0 \\ 0 & 0 & c \end{bmatrix}$ હોય, તો સાબિત કરો કે

$$PQ = \begin{bmatrix} xa & 0 & 0 \\ 0 & yb & 0 \\ 0 & 0 & zc \end{bmatrix} = QP.$$

**24.** જો $[2 \quad 1 \quad 3] \begin{bmatrix} -1 & 0 & -1 \\ -1 & 1 & 0 \\ 0 & 1 & 1 \end{bmatrix} \begin{bmatrix} 1 \\ 0 \\ -1 \end{bmatrix} = A$ હોય, તો A શોધો.

**25.** જો $A = [2 \quad 1]$, $B = \begin{bmatrix} 5 & 3 & 4 \\ 8 & 7 & 6 \end{bmatrix}$ અને $C = \begin{bmatrix} -1 & 2 & 1 \\ 1 & 0 & 2 \end{bmatrix}$ હોય, તો $A(B + C) = (AB + AC)$ ચકાસો.

**26.** જો $A = \begin{bmatrix} 1 & 0 & -1 \\ 2 & 1 & 3 \\ 0 & 1 & 1 \end{bmatrix}$ હોય, તો $A^2 + A = A(A + I)$ ચકાસો, જ્યાં I એ $3 \times 3$ એકમ શ્રેણિક છે.

**27.** જો $A = \begin{bmatrix} 0 & -1 & 2 \\ 4 & 3 & -4 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 4 & 0 \\ 1 & 3 \\ 2 & 6 \end{bmatrix}$ હોય, તો

(i) $(A')' = A$

(ii) $(AB)' = B'A'$

(iii) $(kA)' = (kA')$ ચકાસો.

**28.** જો $A = \begin{bmatrix} 1 & 2 \\ 4 & 1 \\ 5 & 6 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 1 & 2 \\ 6 & 4 \\ 7 & 3 \end{bmatrix}$ હોય, તો

(i) $(2A + B)' = 2A' + B'$

(ii) $(A - B)' = A' - B'$ ચકાસો.

**29.** કોઈ પણ શ્રેણિક A માટે સાબિત કરો કે $A'A$ અને $AA'$ સંમિત શ્રેણિક છે.

**30.** $3 \times 3$ કક્ષાવાળા ચોરસ શ્રેણિકો A અને B માટે $(AB)^2 = A^2B^2$ થઈ શકે ? કારણ આપો.

**31.** $AB = BA$ થાય તેવા ચોરસ શ્રેણિકો A અને B હોય, તો $(A + B)^2 = A^2 + 2AB + B^2$ સાબિત કરો.

**32.** જો $A = \begin{bmatrix} 1 & 2 \\ -1 & 3 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 4 & 0 \\ 1 & 5 \end{bmatrix}$, $C = \begin{bmatrix} 2 & 0 \\ 1 & -2 \end{bmatrix}$ અને $a = 4$, $b = -2$ હોય, તો સાબિત કરો કે,

(a) $A + (B + C) = (A + B) + C$

(b) $A(BC) = (AB)C$

(c) $(a + b)B = aB + bB$

(d) $a(C-A) = aC - aA$

(e) $(A^T)^T = A$

(f) $(bA)^T = b\,A^T$

(g) $(AB)^T = B^T A^T$

(h) $(A - B)C = AC - BC$

(i) $(A - B)^T = A^T - B^T$

**33.** જો $A = \begin{bmatrix} \cos\theta & \sin\theta \\ -\sin\theta & \cos\theta \end{bmatrix}$ હોય, તો $A^2 = \begin{bmatrix} \cos2\theta & \sin2\theta \\ -\sin2\theta & \cos2\theta \end{bmatrix}$ સાબિત કરો.

**34.** જો $A = \begin{bmatrix} 0 & -x \\ x & 0 \end{bmatrix}$, $B = \begin{bmatrix} 0 & 1 \\ 1 & 0 \end{bmatrix}$ અને $x^2 = -1$ હોય, તો $(A + B)^2 = A^2 + B^2$ સાબિત કરો.

**35.** જો $A = \begin{bmatrix} 0 & 1 & -1 \\ 4 & -3 & 4 \\ 3 & -3 & 4 \end{bmatrix}$ હોય, તો ચકાસો કે, $A^2 = I$.

**36.** જો $n \in \mathbf{N}$ હોય, તો કોઈ પણ ચોરસ શ્રેણિક A માટે ગાણિતિક અનુમાનના સિદ્ધાંતના ઉપયોગથી $(A')^n = (A^n)'$ સાબિત કરો.

**37.** જો શક્ય હોય, તો હાર સંક્ષેપન પદ્ધતિથી નીચેના શ્રેણિકોના વ્યસ્ત શ્રેણિક શોધો :

(i) $\begin{bmatrix} 1 & 3 \\ -5 & 7 \end{bmatrix}$ (ii) $\begin{bmatrix} 1 & -3 \\ -2 & 6 \end{bmatrix}$

**38.** જો $\begin{bmatrix} xy & 4 \\ z+6 & x+y \end{bmatrix} = \begin{bmatrix} 8 & w \\ 0 & 6 \end{bmatrix}$ હોય, તો $x$, $y$, $z$ અને $w$ નાં મૂલ્ય શોધો.

**39.** જો $A = \begin{bmatrix} 1 & 5 \\ 7 & 12 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 9 & 1 \\ 7 & 8 \end{bmatrix}$ હોય, તો 3A + 5B + 2C શૂન્ય શ્રેણિક બને તેવો શ્રેણિક C મેળવો.

**40.** જો $A = \begin{bmatrix} 3 & -5 \\ -4 & 2 \end{bmatrix}$ હોય, તો $A^2 - 5A - 14I$ શોધો. તે પરથી $A^3$ મેળવો.

**41.** જો $3\begin{bmatrix} a & b \\ c & d \end{bmatrix} = \begin{bmatrix} a & 6 \\ -1 & 2d \end{bmatrix} + \begin{bmatrix} 4 & a+b \\ c+d & 3 \end{bmatrix}$ હોય, તો $a$, $b$, $c$ અને $d$ નાં મૂલ્ય શોધો.

**42.** જો $\begin{bmatrix} 2 & -1 \\ 1 & 0 \\ -3 & 4 \end{bmatrix} A = \begin{bmatrix} -1 & -8 & -10 \\ 1 & -2 & -5 \\ 9 & 22 & 15 \end{bmatrix}$ હોય, તો શ્રેણિક A શોધો.

**43.** જો $A = \begin{bmatrix} 1 & 2 \\ 4 & 1 \end{bmatrix}$ હોય, તો $A^2 + 2A + 7I$ શોધો.

**44.** જો $A = \begin{bmatrix} \cos\alpha & \sin\alpha \\ -\sin\alpha & \cos\alpha \end{bmatrix}$ અને $A^{-1} = A'$ હોય, તો $\alpha$ નું મૂલ્ય શોધો.

**45.** જો શ્રેણિક $\begin{bmatrix} 0 & a & 3 \\ 2 & b & -1 \\ c & 1 & 0 \end{bmatrix}$ વિસંમિત શ્રેણિક હોય, તો $a$, $b$ અને $c$ શોધો.

**46.** જો $P(x) = \begin{bmatrix} \cos x & \sin x \\ -\sin x & \cos x \end{bmatrix}$ હોય, તો સાબિત કરો કે,

$P(x) \cdot P(y) = P(x + y) = P(y) \cdot P(x)$.

**47.** જો $A^2 = A$ થાય, તેવો ચોરસ શ્રેણિક A હોય, તો $(I + A)^3 = 7A + I$ સાબિત કરો.

**48.** જો A અને B સમાન કક્ષાવાળા ચોરસ શ્રેણિક તથા B વિસંમિત શ્રેણિક હોય, તો સાબિત કરો કે A′BA વિસંમિત શ્રેણિક છે.

## વિસ્તૃત જવાબી પ્રશ્નો (L.A.)

**49.** કોઈ પણ બે ચોરસ શ્રેણિક માટે AB = BA હોય, તો ગાણિતિક અનુમાનના સિદ્ધાંતથી $(AB)^n = A^n B^n$ સાબિત કરો.

**50.** જો $A=\begin{bmatrix}0 & 2y & z\\ x & y & -z\\ x & -y & z\end{bmatrix}$ એ $A' = A^{-1}$ નું સમાધાન કરે, તો $x$, $y$, $z$ શોધો.

**51.** જો શક્ય હોય, તો હાર સંક્ષેપન પદ્ધતિનો ઉપયોગ કરી નીચેના શ્રેણિકોના વ્યસ્ત શ્રેણિક શોધો :

(i) $\begin{bmatrix}2 & -1 & 3\\ -5 & 3 & 1\\ -3 & 2 & 3\end{bmatrix}$ (ii) $\begin{bmatrix}2 & 3 & -3\\ -1 & -2 & 2\\ 1 & 1 & -1\end{bmatrix}$ (iii) $\begin{bmatrix}2 & 0 & -1\\ 5 & 1 & 0\\ 0 & 1 & 3\end{bmatrix}$

**52.** શ્રેણિક $\begin{bmatrix}2 & 3 & 1\\ 1 & -1 & 2\\ 4 & 1 & 2\end{bmatrix}$ ને એક સંમિત અને એક વિસંમિત શ્રેણિકના સરવાળા સ્વરૂપમાં દર્શાવો.

## હેતુલક્ષી પ્રશ્નો

**નીચેનાં ક્રમાંક 53 થી 67 વાળા વિધાન સત્ય બને તે રીતે ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો :**

**53.** શ્રેણિક $P = \begin{bmatrix}0 & 0 & 4\\ 0 & 4 & 0\\ 4 & 0 & 0\end{bmatrix}$ એ .......... છે.

(A) ચોરસ શ્રેણિક (B) વિકર્ણ શ્રેણિક

(C) એકમ શ્રેણિક (D) $m \times n$ શ્રેણિક છે, જ્યાં $m \neq n$

**54.** પ્રત્યેક ઘટક 2 અથવા 0 હોય તેવા $3 \times 3$ કક્ષાવાળા શક્ય શ્રેણિકોની સંખ્યા ......... છે.

(A) 9 (B) 27 (C) 81 (D) 512

**55.** જો $\begin{bmatrix}2x+y & 4x\\ 5x-7 & 4x\end{bmatrix} = \begin{bmatrix}7 & 7y-13\\ y & x+6\end{bmatrix}$ હોય, તો $x$; $y$ ની કિંમત શોધો.

(A) $x = 3$, $y = 1$ (B) $x = 2$, $y = 3$ (C) $x = 2$, $y = 4$ (D) $x = 3$, $y = 3$

**56.** જો $A = \frac{1}{\pi}\begin{bmatrix}sin^{-1}(x\pi) & tan^{-1}\left(\frac{x}{\pi}\right)\\ sin^{-1}\left(\frac{x}{\pi}\right) & cot^{-1}(\pi x)\end{bmatrix}$, $B = \frac{1}{\pi}\begin{bmatrix}-cos^{-1}(x\pi) & tan^{-1}\left(\frac{x}{\pi}\right)\\ sin^{-1}\left(\frac{x}{\pi}\right) & -tan^{-1}(\pi x)\end{bmatrix}$ હોય, તો $A - B =$ ..........

(A) I (B) O (C) 2I (D) $\frac{1}{2}I$

**57.** જો A અને B અનુક્રમે $3 \times m$ અને $3 \times n$ કક્ષાવાળા શ્રેણિક હોય તથા $m = n$ હોય, તો શ્રેણિક $(5A - 2B)$ ની કક્ષા .......... થાય.

(A) $m \times 3$ (B) $3 \times 3$ (C) $m \times n$ (D) $3 \times n$

**58.** જો $A = \begin{bmatrix}0 & 1\\ 1 & 0\end{bmatrix}$ હોય, તો $A^2 =$ ..........

(A) $\begin{bmatrix}0 & 1\\ 1 & 0\end{bmatrix}$ (B) $\begin{bmatrix}1 & 0\\ 1 & 0\end{bmatrix}$ (C) $\begin{bmatrix}0 & 1\\ 0 & 1\end{bmatrix}$ (D) $\begin{bmatrix}1 & 0\\ 0 & 1\end{bmatrix}$

**59.** જો શ્રેણિક $A = [a_{ij}]_{2 \times 2}$, $i \neq j$ માટે $a_{ij} = 1$ અને $i = j$ માટે $a_{ij} = 0$ હોય, તો $A^2 =$ ..........

(A) I (B) A (C) 0 (D) આપેલ પૈકી એક પણ નહિ.

**60.** શ્રેણિક $\begin{bmatrix} 1 & 0 & 0 \\ 0 & 2 & 0 \\ 0 & 0 & 4 \end{bmatrix}$ એ .......... છે.

(A) એકમ શ્રેણિક (B) સંમિત શ્રેણિક (C) વિસંમિત શ્રેણિક (D) આપેલ પૈકી એક પણ નહિ.

**61.** શ્રેણિક $\begin{bmatrix} 0 & -5 & 8 \\ 5 & 0 & 12 \\ -8 & -12 & 0 \end{bmatrix}$ એ .......... છે.

(A) વિકર્ણ શ્રેણિક (B) સંમિત શ્રેણિક (C) વિસંમિત શ્રેણિક (D) અદિશ શ્રેણિક

**62.** જો $m \times n$ કક્ષાવાળા શ્રેણિક A અને કોઈક શ્રેણિક B માટે $AB'$ અને $B'A$ બંને વ્યાખ્યાયિત હોય, તો B ની કક્ષા .......... છે.

(A) $m \times m$ (B) $n \times n$ (C) $n \times m$ (D) $m \times n$

**63.** જો A અને B સમાન કક્ષાવાળા શ્રેણિકો હોય, તો $(AB'-BA')$ એ .......... છે.

(A) વિસંમિત શ્રેણિક (B) શૂન્ય શ્રેણિક (C) સંમિત શ્રેણિક (D) એકમ શ્રેણિક

**64.** જો $A^2 = I$ થાય તેવો ચોરસ શ્રેણિક A હોય, તો $(A - I)^3 + (A + I)^3 - 7A =$ .......... .

(A) A (B) I – A (C) I + A (D) 3A

**65.** કોઈ પણ જો શ્રેણિકો A અને B માટે .......... .

(A) AB = BA (B) $AB \neq BA$ (C) AB = O (D) આપેલ પૈકી એક પણ નહિ.

**66.** શ્રેણિક સમીકરણ $\begin{bmatrix} 1 & -3 \\ 2 & 4 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -1 \\ 0 & 1 \end{bmatrix} \begin{bmatrix} 3 & 1 \\ 2 & 4 \end{bmatrix}$ માં સ્તંભ સંક્ષેપન ક્રિયા $C_2 \to C_2 - 2C_1$ નો ઉપયોગ કરતાં .......... મળે.

(A) $\begin{bmatrix} 1 & -5 \\ 0 & 4 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -1 \\ -2 & 2 \end{bmatrix} \begin{bmatrix} 3 & -5 \\ 2 & 0 \end{bmatrix}$ (B) $\begin{bmatrix} 1 & -5 \\ 0 & 4 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -1 \\ 0 & 1 \end{bmatrix} \begin{bmatrix} 3 & -5 \\ 0 & 2 \end{bmatrix}$

(C) $\begin{bmatrix} 1 & -5 \\ 2 & 0 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -3 \\ 0 & 1 \end{bmatrix} \begin{bmatrix} 3 & 1 \\ -2 & 4 \end{bmatrix}$ (D) $\begin{bmatrix} 1 & -5 \\ 2 & 0 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -1 \\ 0 & 1 \end{bmatrix} \begin{bmatrix} 3 & -5 \\ 2 & 0 \end{bmatrix}$

**67.** શ્રેણિક સમીકરણ $\begin{bmatrix} 4 & 2 \\ 3 & 3 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 2 \\ 0 & 3 \end{bmatrix} \begin{bmatrix} 2 & 0 \\ 1 & 1 \end{bmatrix}$ માં હાર સંક્ષેપન ક્રિયા $R_1 \to R_1 - 3R_2$ નો ઉપયોગ કરતાં .......... મળે.

(A) $\begin{bmatrix} -5 & -7 \\ 3 & 3 \end{bmatrix} = \begin{bmatrix} 1 & -7 \\ 0 & 3 \end{bmatrix} \begin{bmatrix} 2 & 0 \\ 1 & 1 \end{bmatrix}$ (B) $\begin{bmatrix} -5 & -7 \\ 3 & 3 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 2 \\ 0 & 3 \end{bmatrix} \begin{bmatrix} -1 & -3 \\ 1 & 1 \end{bmatrix}$

(C) $\begin{bmatrix} -5 & -7 \\ 3 & 3 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 2 \\ 1 & -7 \end{bmatrix} \begin{bmatrix} 2 & 0 \\ 1 & 1 \end{bmatrix}$ (D) $\begin{bmatrix} 4 & 2 \\ -5 & -7 \end{bmatrix} = \begin{bmatrix} 1 & 2 \\ -3 & -3 \end{bmatrix} \begin{bmatrix} 2 & 0 \\ 1 & 1 \end{bmatrix}$

**નીચેનાં ક્રમાંક 68 થી 81 વાળા વિધાન સત્ય બને તે રીતે ખાલી જગ્યા પૂરો :**

**68.** .......... શ્રેણિક સંમિત અને વિસંમિત શ્રેણિક છે.

**69.** બે વિસંમિત શ્રેણિકનો સરવાળો હંમેશાં .......... શ્રેણિક હોય છે.

**70.** શ્રેણિકને .......... વડે ગુણવાથી તેનો વિરોધી શ્રેણિક મળે છે.

**71.** કોઈ પણ શ્રેણિકને .......... અદિશ વડે ગુણવાથી શૂન્ય શ્રેણિક મળે છે.

**72.** જે શ્રેણિક ચોરસ શ્રેણિક નથી, તે શ્રેણિકને .......... શ્રેણિક કહે છે.

**73.** શ્રેણિકોનો ગુણાકાર એ સરવાળા પરત્વે .......... ના નિયમનું પાલન કરે છે.

**74.** જો A સંમિત શ્રેણિક હોય, તો $A^3$ .......... શ્રેણિક છે.

**75.** જો A વિસંમિત શ્રેણિક હોય, તો $A^2$ .......... શ્રેણિક છે.

**76.** જો A અને B સમાન કક્ષાવાળા ચોરસ શ્રેણિક હોય, તો

(i) $(AB)'$ = .......... .

(ii) $(kA)'$ = .......... . ($k$ કોઈ પણ અચળ છે.)

(iii) $[k\ (A - B)]'$ = .......... .

**77.** જો A વિસંમિત શ્રેણિક હોય, તો $kA$ .......... છે. ($k$ કોઈ પણ અચળ છે.)

**78.** જો A અને B સંમિત શ્રેણિક હોય, તો

(i) AB − BA .......... .

(ii) BA − 2AB .......... .

**79.** જો A સંમિત હોય, તો $B'AB$ .......... છે.

**80.** A અને B સમાન કક્ષાવાળા સંમિત શ્રેણિક છે. જો .......... તો અને તો જ AB સંમિત છે.

**81.** હાર સંક્ષેપનથી $A^{-1}$ શોધવા માટે એક અથવા વધારે હાર-પ્રક્રિયાઓ પ્રયોજતાં, આપણને એક અથવા વધારે હારમાં બધાં જ શૂન્ય મળે, તો $A^{-1}$ .......... .

**નીચેના ક્રમાંક 82 થી 101 વાળાં વિધાનો સત્ય છે કે અસત્ય તે જણાવો :**

**82.** શ્રેણિક એ સંખ્યા દર્શાવે છે.

**83.** કોઈ પણ કક્ષાવાળા શ્રેણિકનો સરવાળો શક્ય છે.

**84.** જો બે શ્રેણિકોની હારની સંખ્યા સમાન હોય તથા સ્તંભની સંખ્યા સમાન હોય, તો તે બે શ્રેણિક સમાન છે.

**85.** ભિન્ન કક્ષાવાળા શ્રેણિકનો તફાવત શક્ય નથી.

**86.** શ્રેણિકો સરવાળા વિશેના જૂથના નિયમ તેમજ ક્રમના નિયમનું પાલન કરે છે.

**87.** શ્રેણિક ગુણાકાર ક્રમના નિયમનું પાલન કરે છે.

**88.** જે ચોરસ શ્રેણિકના બધા જ ઘટકો 1 હોય તે શ્રેણિકને એકમ શ્રેણિક કહે છે.

**89.** જો બે શ્રેણિકો A અને B ની કક્ષા સમાન હોય, તો A + B = B + A.

**90.** જો બે શ્રેણિકો A અને B ની કક્ષા સમાન હોય, તો A − B = B − A.

**91.** જો શ્રેણિક AB = O, તો A = O અથવા B = O અથવા A અને B બંને શૂન્ય શ્રેણિક છે.

**92.** સ્તંભ શ્રેણિકનો પરિવર્ત શ્રેણિક સ્તંભ શ્રેણિક છે.

**93.** જો A અને B સમાન કક્ષાવાળા ચોરસ શ્રેણિક હોય, તો AB = BA.

**94.** જો સમાન કક્ષાવાળા ત્રણેય શ્રેણિકો સંમિત શ્રેણિક હોય, તો તેમના સરવાળાનો શ્રેણિક સંમિત શ્રેણિક છે.

**95.** સમાન કક્ષાવાળા કોઈ પણ બે શ્રેણિક માટે $(AB)' = A'B'$.

**96.** ચોરસ શ્રેણિક ન હોય તેવા બે શ્રેણિકો A અને B માટે જો $(AB)' = B'A'$ હોય, તો A ની હારની સંખ્યા એ B ના સ્તંભની સંખ્યાને સમાન છે અને A ના સ્તંભની સંખ્યા એ B ની હારની સંખ્યાને સમાન છે.

**97.** જો A, B અને C સમાન કક્ષાવાળા ચોરસ શ્રેણિક હોય, તો AB = AC પરથી હંમેશાં B = C મળે.

**98.** કોઈ પણ શ્રેણિક A માટે $AA'$ હંમેશાં સંમિત શ્રેણિક છે.

**99.** જો $A = \begin{bmatrix} 2 & 3 & -1 \\ 1 & 4 & 2 \end{bmatrix}$ અને $B = \begin{bmatrix} 2 & 3 \\ 4 & 5 \\ 2 & 1 \end{bmatrix}$ હોય, તો AB અને BA વ્યાખ્યાયિત તથા સમાન છે.

**100.** જો A વિસંમિત શ્રેણિક હોય, તો $A^2$ સંમિત શ્રેણિક છે.

**101.** A અને B વ્યસ્તસંપન્ન શ્રેણિક હોય તથા તે ગુણાકાર પરત્વે ક્રમના ગુણધર્મનું પાલન કરતા હોય, તો $(AB)^{-1} = A^{-1}B^{-1}$.